# SHREE VASISHTHA VIDHYALAYA

## Gujarati 2nd Language Worksheet 2024-25

Name : - ______________________ Std.:- IV - ________

Roll No. :-________ Worksheet No.PA1-01 Date : - ________

### ગદ્યાંશ

વૃક્ષો માણસો અને પશુપંખીઓ માટે ઘણાં ઉપયોગી છે. વૃક્ષો આપણને મીઠાં ફળ આપે છે. ઘટાદાર વૃક્ષોની છાયામાં પશુઓ અને મુસાફરો આરામ કરે છે. વૃક્ષોની ડાળીઓ પર પક્ષીઓ માળા બાંધે છે. વૃક્ષોના મૂળ અને પાન જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષોના લાકડામાંથી આપણા ઘરનું રાચરચીલું બને છે. કેટલાંક વૃક્ષોનાં પાંદડા, છાલ, મૂળ, ફળ વગેરે માણસને દવામાં ઉપયોગી છે. વૃક્ષોમાંથી લાખ, ગુંદર, મધ, સૂકો મેવો, રબર અને તેલ મળે છે.

**પ્રશ્ન - ૧) ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો :**

**(ક) પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) ઘટાદાર વૃક્ષોની છાયામાં કોણ આરામ કરે છે?

ઘટાદાર વૃક્ષોની છાયામાં પશુઓ અને મુસાફરો આરામ કરે છે.

૨) વૃક્ષોમાંથી શું મળે છે?

વૃક્ષોમાંથી લાખ, ગુંદર, મધ, સૂકો મેવો, રબર અને તેલ મળે છે.

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

૧) વૃક્ષોનાં મૂળ અને પાન જમીનનું ધોવાણ અટકાવે છે.

૨) વૃક્ષો માણસો અને પશુપંખીઓ માટે ઘણાં ઉપયોગી છે.

૩) વૃક્ષોની ડાળીઓ પર પક્ષીઓ માળા બાંધે છે.

૪) વૃક્ષોનાં લાકડામાંથી આપણા ઘરનું રાચરચીલું બને છે.

**પ્રશ્ન - ૨) પાઠને આધારે એક શબ્દમાં જવાબ આપો.**

૧) ઝિલમિલ કોણ ઝબૂકે છે?

તારલાઓ ઝિલમિલ ઝબૂકે છે.

૨) હીરકણી કિલ્લામાં શું વેચવા જતી હતી?

હીરકણી કિલ્લામાં દૂધ વેચવા જતી હતી.

૩) ગુરુ રામકૃષ્ણ પરમહંસે નરેન્દ્રને શું નામ આપ્યું?

ગુરુ રામકૃષ્ણ પરમહંસે નરેન્દ્રને 'વિવેકાનંદ' નામ આપ્યું.

૪) સ્વામી વિવેકાનંદે ભારતનું માન કેવી રીતે વધાર્યું?

પોતાના કાર્યો અને વિચારોથી સ્વામી વિવેકાનંદે ભારતનું માન વધાર્યું.

૫) પ્રકૃતિને કોણ નિખારે છે?

નદીઓ, ઝરણાંઓ, ફળો, ફૂલો પ્રકૃતિને નિખારે છે.

Scanned with OKEN Scanner

૬) શિક્ષકના પ્રશ્નોના ઉત્તર કોણે આપ્યા?

નરેન્દ્રએ શિક્ષકના પ્રશ્નોના ઉત્તર આપ્યા.

પ્રશ્ન-3) નીચે આપેલા વાક્યોમાંથી સાચા વાક્યોની સામે (✓) અને ખોટા વાક્યોની સામે (×) ની નિશાની કરો

૧) શિવાજી મહારાજે હીરકણીના નામે દીવાલ બનાવડાવી હતી. [✓]

૨) સ્વામી વિવેકાનંદના પિતાશ્રીનું નામ વિશ્વાનંદ દત્ત હતું. [×]

3) હીરકણી ફૂલો વેચવા માટે કિલ્લામાં જતી હતી. [×]

૪) નરેન્દ્રને 'વિવેકાનંદ' નામ તેમના શિક્ષકે આપ્યું હતું. [×]

૫) દ્વારપાળોએ હીરકણીને અડધી રાતે દરવાજો ખોલીને જવા દીધી. [×]

૬) કલાકારોનું કરતબ જોવામાં હીરકણી સમયનું ભાન ભૂલી ગઈ. [✓]

૭) નરેન્દ્રની બુદ્ધિ કુશાગ્ર હતી. [✓]

૮) પક્ષીઓનાં મીઠાં કલરવથી ગુંજી ઉઠી છે ધરતી. [✓]

**પ્રશ્ન - ૪) પાઠને આધારે ખાલી જગ્યા પૂરો.**

૧) હીરકણીના બાળકનું નામ બાલ્યા હતું.

૨) તમસને સૂર્યનો પ્રકાશ દૂર કરે છે.

3) નરેન્દ્ર પર વિશેષ પ્રભાવ માતાશ્રીનો રહ્યો.

૪) ગામમાં હીરકણી નામની એક ભરવાડણ રહેતી હતી.

૫) મહારાજ શિવાજીનો કિલ્લો સહ્યાદ્રી પર્વતમાળામાં સ્થિત હતો.

૬) સ્વામી વિવેકાનંદના પિતા વડી અદાલતમાં વકીલ હતા.

૭) અમેરિકાના શિકાગો શહેરમાં સ્વામી વિવેકાનંદે વ્યક્તવ્ય આપ્યું હતું.

૮) હીરકણીને પોતાના પુત્ર ની ચિંતા થવા લાગી.

**પ્રશ્ન - ૫) યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.**

(૧) તારાઓ પ્રકૃતિને કઈ રીતે સૌંદર્ય બક્ષે છે?

✓(ક) ઝબૂકીને (ખ) ખીલીને (ગ) વહીને (ઘ) છવાઈને

(૨) "ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો" એ કોનો સંદેશ હતો?

(ક) ગુરૂજીનો (ખ) પિતાશ્રીનો (ગ) માતાશ્રીનો ✓(ઘ) વિવેકાનંદનો

(3) કોની લાલિમા ખીલી છે?

(ક) ફૂલોની (ખ) તારલાંઓની ✓(ગ) ચંદ્રમાની (ઘ) સૂર્યની

Scanned with OKEN Scanner